## સાહિત્ય જગતમાં પ્રતિષ્ઠિત ગણાતું

# બૂકર પ્રાઈઝ મેળવનાર લેખિકા ગીતાંજલિ શ્રી એમ.એસ.યુનિ.ના પૂર્વ વિદ્યાર્થિની

વડોદરા,શુક્રવાર

ભારતીય લેખિકા ગીતાંજલિ શ્રીને તેમની નવલકથા રેત સમાધિ બદલ સાહિત્ય જગતનુ પ્રતિષ્ઠિત ગણાતુ બૂકર પ્રાઈઝ મળ્યુ છે.આ નવલકથાનો ડેઈઝી રોકવેલ નામના લેખિકાએ અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો અને તેને ટોમ્બ ઓફ સેન્ડ નામ સાથે પ્રસિધ્ધ કરી હતી.

## આર્ટસ ફેકલ્ટીના ઈતિહાસ વિભાગમાંથી પીએચડી કર્યુ હતુઃ વડોદરાના પ્રતાપગંજ વિસ્તારમાં ઘર પણ લીધુ હતુ અને ૨૦૦૫ સુધી રહ્યા હતા

ગીતાંજલિ શ્રી પહેલા ભારતીય લેખિકા છે જેમને આ પ્રતિષ્ઠિત પારિતોષિક મળ્યુ છે.સાથે સાથે તેમનુ વડોદરા કનેક્શન પણ બહાર આવ્યુ છે.ગીતાંજલિ શ્રી એમ.એસ.યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થિની છે.તેમણે આર્ટસ ફેકલ્ટીના ઈતિહાસ વિભાગમાંથી પીએચડીની પદવી હાંસલ કરી હતી.

તેમની સાથે જ પીએચડી કરનારા એમ.એસ.યુનિવર્સિટીના આર્ટસ ફેકલ્ટીના પૂર્વ પ્રોફેસર રાજકુમાર હંસે સંસ્મરણો તાજા કરતા કહ્યુ હતુ કે, ગીતાંજલિ રે ૧૯૭૮માં આર્ટસ ફેકલ્ટીમાં પીએચડી કરવા માટે આવ્યા હતા.જાણીતા લેખક મુન્શી પ્રેમચંદના



સાહિત્ય પર તેમણે પીએચડી શરુ કર્યુ હતુ.તે વખતે તેઓ હોસ્ટેલમાં રહેતા હતા.૧૯૮૪માં પ્રો.ચાવડાના માર્ગદર્શન હેઠળ તેમણે પીએચડી પુરુ કર્યુ હતુ.

પ્રો.હંસનુ કહેવુ હતુ કે, ગીતાંજલિ શ્રી સ્વભાવે બહુ શાંત હતા અને અંર્તમુખી વ્યક્તિત્વ ધરાવતા હતા.મારી તેમની સાથે ઘણી સારી મિત્રતા હતી.કારણકે ભલે અમે ઈતિહાસનો અભ્યાસ કરતા હતા પણ સાહિત્ય અમારા બંનેનો ચર્ચા માટેનો પ્રિય વિષય હતો.તેમનો પીએચડી માટેનો વિષય પણ આડકતરી રીતે તો સાહિત્ય સાથે જ સંકળાયેલો રહ્યો હતો.બાદમાં તેમણે વડોદરાના પ્રતાપગંજ વિસ્તારમાં ફ્લેટ પણ લીધો હતો.જોકે વડોદરામાં તે સતત રહ્યા નહોતા પણ તેમની અવર-જવર ચાલુ રહેતી હતી.૨૦૦૫ બાદ તેમણે આ ફ્લેટ વેચી નાંખ્યો હતો.છેલ્લે હું ૨૦૧૦માં દલિત સાહિત્યના ઈતિહાસ અંગેના સંશોધન માટે શિમલા ગયો ત્યારે તેમને મળ્યો હતો.તે વખતે ગીતાંજલિ શ્રી પણ શિમલામાં જ હતા.